મેઘ-સંદેશ.

લેખક:—
કવિ પોપટલાલ શર્મા

મેઘ-સંદેશ.

આવૃત્તિ
પહેલી

પ્રત
૫૦૦

કીમત
૩ આના

સર્વ હક્ક લેખકને સ્વાધીન છે

સંવત
૧૯૮૦

સને
૧૯૨૪

બે બોલ.

કાવ્યોદ્ભવ.

ગત જુન માસના અંતમા આ કાવ્ય-નિર્માતા 'સાહિત્યતીર્થ' કવિરત્ન ભાઇ પોપટલાલ શર્મા 'બેતુલગંજ' મુકામે પોતાના શ્વસુરાવાસમા મારા ભાભીને (પોતાના ધર્મપત્નીને) તેડવા ગયા હતા, પણ હિન્દુ-સંસારમા પ્રચલિત કુરૂઢીઓની વિચિત્રતાથી કવિ-શ્વસુર દીક્ષિત રા. ફુલશંકરભાઈએ સમુન્નત વિચારવાળા જામાતાને તેમના કાર્યમા નિષ્ફળ કરી પાછા

વાંચ્યા શ્વસુર–ગૃહે જવામાં કવિનું શું પ્રધાન પ્રયોજન હતું તે ઉપર આ ખંડ–કાવ્યના ઉત્તરાર્દ્ધના શ્લોક ૫૦ માનો પૂર્વાર્દ્ધ ઝાંખો ઝાંખો પ્રકાશ નાખે છે સવિશેષ કારણ સ્હમજવા માટે ઉત્તરાર્દ્ધનો ૧૩ મો શ્લોક વાંચી દ્રષ્ટિ મર્યાદામાં એ દુ:ખદ પરિસ્થિતિને મન કલ્પનામાં ઉતારવા વાચકોને હું વિનવીશ

એક તો નવ યુવક, સંસ્કૃતજ્ઞ, વિદ્વાન, રસમર્મજ્ઞ, નૈસર્ગિક કાવ્ય–શક્તિવાળા, અને તેમાંયે ઉપરોક્ત કાર્યમાં મળેલી નિષ્ફળતા અને એ સર્વને પરિણામે ઉપજેલું હૃદયશલ્ય, આ સાધનોથી કવિ–માનસ–મંદિરમાં કવિતા–યજ્ઞ મંડાયો

સાચા કવિઓને તો અમુક પ્રેરણા (Instinct) માત્ર બસ હોય છે, તે ઉદ્દભવતા જ તેમની સરસ્વતી દેવી હિમગિરિના પ્રસ્તરોને ભેદી પ્રબલ પ્રવાહવતી ભાગીરથીના પ્રવાહની સ્પર્દ્ધા કરતી પૂર જોસમાં વહે છે ત્હેમની પ્રતિભા પર ચાબુક–પ્રહાર થતા તે તેજસ્વી અશ્વની ચપલતા શી ચમકી ઉઠે છે

હૃદયને આઘાત આપનાર સાહિત્યો જેટલા વધુ પ્રબલ-શક્તિમાન, તેટલા જ તેમના હૃદય-સાગર-મંથનથી ઉદ્‌ભૂત થએલા કાવ્ય-રત્નો પણ પાણીદાર! એ રત્નોની પરીક્ષા કરનાર ઝવેરીઓમાં પણ થોડેઘણે અંશે કવિની તન્મયતા, સ્વાભાવિક મર્મજ્ઞતા, અને સહૃદયતાની આવશ્યકતા છે પરીક્ષકો-સમાલોચકોની પણ પરીક્ષા-સમાલોચના કરતા પરીક્ષા થાય છે એ કમભાગ્યે ઘણે સ્થળે ભૂલી જવાય છે.

કાવ્ય-ઉદ્દેશ.

वाक्य रसात्मक काव्यम् એ બહુશ્રુત-જન-વિદિત કાવ્ય-પરીભાષાને માન્ય રાખી અહીં ટુંકમાં જોઈ જઈએ કે કાવ્યનો ઉદ્દેશ શું હોઇ શકે?

પ્રથમ—કવિની ઉદ્‌ભાસિત લાગણીઓ, મનોવ્યથાઓ, અને સ્વાભિલાષ-સંતુષ્ટિને ન્યાય આપવો

દ્વિતીય—જનસમાજના તત્તદ્વિષયક ભાવોને પોતાની ચેતનાયુક્ત વાણી દ્વારા વ્યક્ત કરી તેની (જનસમાજની) મૌનિતાને જીંહ્વા-પ્રદાન કરવુ

તૃતીય—અજ્ઞાન કુરૂઢિ આદિના સ્થાનમા તાત્વિક વ્યવહાર, નિસર્ગ-સષ્ટિ, અને વિજ્ઞાન-ગોષ્ટિને મનોરજક શૈલિ માધુર્ય અને ઓજસ્ આદિ યુક્ત ભાષામા જનસમાજ આગળ વ્યક્ત કરવા, એ અને આવા બીજા કારણો મળી શકે દરેક કાવ્યમા એ સમગ્ર કારણો હોવાજ જોઇએ એવો કોઈ નિયમ ન હોઇ શકે, પણ પરિસ્થિતિ અનુસાર તે કારણો ઓછા વધુ સભવી શકે

ગુર્જરીને મૌલિક (Original) આભૂષણોથી યુક્ત કરી અન્ય સમુન્નત ભાષાઓની પક્તિમા સ્થાન અપાવવાની તીવ્ર લાલસા એ પણ કવિનો એક અનુપેક્ષણીય ઉદ્દેશ કહી શકુ

લઘુ-કથન.

આ ખંડકાવ્યમાં પૂર્વકાલીન મહાકવિઓની રચનાનું અનુસરણ સુંદર રીતે કરવામાં આવ્યું છે, છતાં પણ તેનું નિરાળાપણું અને મૌલિકત્વ (Originality) સાફ સાફ સચવાઇ રહ્યાં છે એ વાચકો અનુભવી શકશે. તદુપરાંત વર્તમાન કાલીન દેશ-દશા, રૂઢી ક્રૌર્ય, લોક-વર્તન, ઉન્નત-પથ-પ્રયાણાભિલાષ આદિ વિષયોને અનુકુળ ભાવવાહી ભાષામાં સમર્યાદ ચર્ચ્યાં છે તેમની સાથે પ્રકૃતિ-વર્ણનના રંગથી આખા કાવ્યને સુંદર ઓપ ચઢાવ્યો છે સાથે સાથે સાત્વિક--પ્રેમના પાઠો સરળતાથી સ્હમજાવ્યા છે આદર્શ દાંપત્યસ્નેહના શ્રુતિ મધુર ગીતો કરુણ વાણીમાં સંભળાવ્યા છે, અને 'સ્વાત્માના અમીભર્યાં ઝરણ' ગુર્જરીને ચરણે વહાવ્યા છે ગુર્જરીના ઉપાસકો, ગૃહસ્થીઓ તેમાં આત્મ-શકિત મુજબ સ્નાન કરે અને વિશુદ્ધ પ્રણયની દીક્ષા લઇ મુક્તિ-દ્વાર તરફ ઉડ્ડયનો કરે।

અંતિમ.

ગુર્જર-સાહિત્યાકાશમા ઉદીયમાન આ નૂતન લઘુ ખંડ-કાવ્યને સમાલોચકોની બુદ્ધિ અનુસાર નિહાળી **पर-प्रत्ययनेयबुद्धि** થવા કરતા વાચક જાતેજ આ સ્નેહકાવ્યને વાચી, અનુભવથી પોતાની લાગણીઓ સાથે તેનુ સામ્ય કર્યા પછીજ તેના ગુણાવગુણ વિષે પોતાની નિશ્ચિત મતિ સ્થિર કરે એવી નમ્ર આશા સાથે વિરમતો —

અંધેરી (મુંબઈ)
તા ૮-૭-૨૪

કવિ મિત્ર.

ઓરૂમ્

મેઘ-સંદેશ.

પૂર્વાર્ધ.

(મંદાક્રાન્તા)

ઘેરાઇને ઘન! ગગનમાં વિશ્વસતાપ કાપે,
  ધારા વર્ષી ચર, અચરને ચેતના—દાન આપે,
શૈલે શૈલે ગહન ગહને વારિણો સિંધુ-છોળે,
  આછુ આછુ અમૃત મધુરૂ સ્વર્ગસૌભાગ્ય ઢોળે

સેવાઇને ઘન! પ્રકૃતિના ગર્ભમા અષ્ટ માસ,
  લોકાનંદ પ્રચુર સૂજવા આજ તારો પ્રકાશ,
પામી તારી પ્રથમ વિભૂતિ ભવ્ય સૌભાગ્ય ધારી,
  હર્ષે વર્ષે મધુર સ્મિત શી ધાર આ માત તારી.

જન્મે છે તુ જગદુપકૃતિ સાધવા દૈવ-અંશી,
છેડે છે તુ ત્રિવિધ દુખને ટાળવા દિવ્ય બંસી,
એ બંસીના જલદ ! મધુરા સૂર પૂરાય જ્યા જ્યા
નાચે હૈયા ચર, અચરના મુગ્ધ શા સૌમ્ય ત્યા ત્યા.

ધીરે ધીરે ગગન ચઢીને ગાજતો તુ પયોદ !
જોઈ તારો ઉદય જનની પામતી શ્રી પ્રમોદ
દેવો કેરા દુરિત હરતા દુદુભિ વાદ્ય વાગે,
તારી પાસે જગત સઘળુ દિવ્યતા દાન માગે

રેલાવે છે જલદ ! જલના ધોધ મોઘા સુહાગી,
તારા જેવો અપર જગમા કોણ છે ધીર ત્યાગી ?
વિશ્વાત્માએ વિરચી જગની વાટિકા આ રૂપાળી,
સીચી મીઠા અમૃતરસથી પોષતો તુ જ માળી

ભાસે છે તુ જડ-નયનને દેખતા શ્યામ શ્યામ,
કિન્તુ આત્મા તુજ વિશદતા-ધામ કલ્યાણકામ,
ઘેરા ઘેરા તુજ જીવનને ઝીલીને વિશ્વ જીવે,
તારા પાયા અમૃતરસના ઘુટડા દેવ પીવે

ગૂથાયા છે ઉર ઉર થકી વિશ્વનાં સ્નેહ-તન્ત્રે,
કુંજે કુંજે ટહુકી ટહુકી મોરલાઓ નિમન્ત્રે,
પ્રેરે છે આ સતત વહતા મિત્રરૂપે સમીર,
દેશે દેશે શ્રમ વિણુ સખે! મન્મથાનીકવીર *

સ્વીકાર્યો છે સકલ જનનો તે સદા પ્રીતિ-પન્થ,
તારે માટે સહુ સમ રહે દીન કે વિત્તમન્ત,
પ્રાતકાળે વિમલ તરણિબિમ્બ શોભા ભરે છે,
સ્થાને સ્થાને સમરુચિ ભરી પૂર્ણતા-શ્રી વરે છે

વિશ્વાત્માના કરુણ-દિલની તુ પ્રતીતિ કરાવે,
કાલે કાલે સકળ દુખને ટાળવા મેઘ' આવે,
પૂરે છે તુ અભિમત સદા, યાચનાને ન ચાહે,
બંધુ! તારે શરણ ઢળતા ના બળે કોઈ દાહે

બન્ધુ! તોયે તુજ ઉર મહીં કૈંક હુ પીડ ભાળું,
જોને અન્તસ્તલ તુજ રહે સર્વદા આમ કાળુ!

---

* કામનો સેનાપતિ

વિશ્વાત્માએ પ્રિય! ઉપરથી છે સુધાલેપ કીધા,
કિંતુ પ્રાણી હૃદયમહીં તો ઝેરના ડંખ દીધા!

શું હું જાણું જડ-હૃદયનો વિશ્વની ગૂઢ ગાથા?
કેવા કેવા જટિલ ભયના વાયરા નિત્ય વાતા?
મુંઝાયો છું મતિહીણું થયો શોકથી હું છવાયો,
ચાહું વ્હાલા! વરદકરનો મેઘ! તારો જ છાયો.

જો કે તારૂં વ્રત અચલ છે, આદરે દિવ્ય વૃષ્ટિ,
કિંતુ તારૂં હૃદય કળવા બાવરી મારી દૃષ્ટિ,
ખેંચાઇ તું અરર! નભમાં વાયુથી હાય! દોડે,
છાતી ફાટે ગડગડ કરી આંસુડાં હાય! છોડે

બાળે છે તું નિજ શરીરને તાપથી તોય તારા
જેવી રીતે મૃદુ-જીવનને ચાતકો ચાહનારા;
બાળી બાળી અવળી મતિથી નિત્ય સંતાપનારા,
તેવી રીતે મુજ રુધિરના છે ઘણા ચાહનારા.

ચીરી તારૂં ઉદર ચળકે વીજળી જેમ ભાઇ !
મારે હૈયે પણ ભભકતી ઘોર જ્વાળા સમાઇ.
આકાશે તું જલદ ! વિચરે જેમ આધાર-હીન,
હું યે તેવો જગ પર ફરૂં એકલો દીન દીન !

ઘૂમાવે છે તુજ શરીરને ચાપ આ સપ્તરંગી,
તેવું મારૂં અઘટ-ઘટના લક્ષ્ય છે લક્ષરંગી,
તું રોવે છે ધરણિ-વિરહે આંસુડાં સારી સારી,
બંધુ ! તેવી બસ ઉરદશા આજ છે છેક મારી !

બંધુ ! બન્ને સમપથ તથા છેક દુઃખી ગણાયા,
તારા મારા જીવન-ગૃહના તુલ્ય પાયા ચણાયા !
સ્વીકારી લે જલદ ! ઉરની પ્રાર્થનાને પ્રસંગે,
લે અર્પું છું શુચિ હૃદયના અશ્રુની માળ કંઠે !

લીલી સાડી ઉર પર ધરી ભેટવા મેઘ ! તારી,
વ્હાલી મીઠી સખી વસુમતી કેકિ-કેકા પુકારી,
વર્ષાવે તું રતિરસ ભરી સ્નેહની શુભ્ર ધારા,
બંધુ ! તેવા જીવનસખીથી કૈંક ઉલ્લાસ મારા

વ્હાલા ! એવો જગ-નિયમ છે દુઃખીને દુખી સાથ,
  બને હૈયાં ભવનિધિ તરે હાથથી ધારી હાથ.
માટે મારા દિલ-દરદને ટાળવા યોગ્ય તું છે,
  સ્વીકારી લે મુજ વિનયને કાર્ય મારૂ લઘુ છે.

સંતપ્તોની વિપદ હરવી દિવ્ય એ પંથ તારો,
  પ્હોંચાડી દે પ્રિયસખી કને સ્નેહ-સંદેશ મારો,
ઘેરાયેલું ગિરિ-શિખરથી, મ્હાલતા મંજુ-કુંજ,
  પ્રેમે ત્યાંનો અતિથિ બનજે રમ્ય "બેતૂલગંજ"

બીડાયેલી પ્રણય-કલિકા મેઘ ! ઉલ્લાસ પામે,
  વર્ષાકાલે રસિક-દિલડાં સંચરે સ્વૈર—કામે,
વ્યોમે તારી છબી નિરખીને વિશ્વ રંગાય રાસે,
  મારા જેવા અરર ! દુરથી આંસુ સારે નિસાસે !

પ્રેરે તારા ગમન-પથને મેઘ ! આ મંદ વાયુ,
  કેકારાવે તુજ શકુનનું સ્વાગત આચરાયું;
જાતા જાતા ગગનપથથી પૂરતા વૃષ્ટિ-દાને,
  જોશે તારા ભણી ભુવનના લોક સંતોષ માને.

તારી મીઠી સુણી ઉછળતી ઘેરી શી ગર્જનાને,
હર્ષોલ્લાસે પુલકિત મહી દેય સભાવનાને
શ્રેણીબધે ફરફર ફરે તોરણો શા બલાકા,
બધુ ! તારા જગવિજયના દેવ-દીધા પતાકા

વર્ષી લે તુ પ્રથમ અહિ આ દ્વાર આ મુખ્ય તારૂ,
મારી વાચ્છા સફલ કરવા કૉલ એ એમ ધારૂ,
કલ્યાણીના ગિરિ-નિવહના શ્રૃગને રગી દેતો,
જાજે બધુ ! જન-પદ તણી આશિષો શુદ્ધ લેતો

જોયા મે જે પ્રથમ સખીના સ્વાગત કાજ જાતા,
પ્રાત કાળે રવિ કિરણુથી શૈલશૃગો સુહાતા
સહ્યાદ્રિના ઉપવનમહી માધુરી નીતરે છે,
આછા રગે લલિત ફુલડા વ્યોમને ચીતરે છે

ચીરી ચીરી મૃદુ હૃદયને હે પયોવાહ ! મારા,
જેવી રીતે સતત નિકળે ઉષ્ણ નિશ્વાસ-ધારા
ચીરી ચીરી ગિરિ-નિવહને આદરેછે પ્રયાણ,
તેવી રીતે સતત વહતા જોઇ લે ધૂમ્રયાન.*

---

* ટ્રેનો

બંધુ ! તું જો રમત કરવા પેસશે કંદરામાં,
ઉભા રે'શે ભ્રમ થકી બીજા ધુમ્રના યાન સામાં
સીટી ત્હેની ઘન ! ગડગડાટા મહા ઘોર તારા,
જોવા જેવી ગમત પડશે યાત્રિયોનેય પ્યારા !

ક્રીડા માટે ગમન કરજે પાસમાં યાન સંગે,
યાત્રાળુઓ કર-કમલથી સ્પર્શશે મેઘ ! અંગે
નાના નાના વપુ ધરી ધરી બારીમાં પેસી પેસી
છાટી છાટી વદન સહુના મ્હાલજે બેસી બેસી

આપી વૃષ્ટિ પ્રબલ વનના દાવને હોલવીને,
શૃંગે સિંહાસન વિરચજે શૈલના સ્નેહભીને.
કેકારાવે તુજ કરીં કરીં સ્વાગત શૈલરાજ,
ઉંચે શૃંગે વહન કરશે માની સૌભાગ્ય-તાજ

જો કે બંધુ ! ગિરિવર તણી જોઈને માધુરીને,
તારૂં હૈયું ચપલ બનશે બેસવા ત્યાં ફરીને.
કિંતુ વ્હાલા ! પ્રિયજનતણાં કેમ ભૂલાય કાર્ય ?
સ્વીકારે તે તન મન થકી પૂરતા સર્વ આર્ય !

ચાલી ત્યાંથી ચપલ બનજે ચન્ચલાને ચલાવી,
  સહ્યાદ્રિના શિખર શિખરે મોરલાઓ નચાવી
ધારાવર્ષે ગમન-પથને છાંટતો એક રીતે,
  આવી લે જે નયન-ફલને નાસિકે શુદ્ધ ચિત્તે

ઘેરાઈને દશ-દિશ મહીં સર્વદા શૈલ ઉભા,
  સ્તભો જેવા ગગન-ગૃહના દેશના વીર સૂબા
સ્થાને સ્થાને લલિત-રચના માધુરી મોહતી શી ?
  મીઠી સારી ભરતકુલની નાસિકા નાસિકશ્રી

ધીરે ધીરે વિનય ધરીને દૂર ફેંકી પ્રમાદ,
  લેજે દૃષ્ટિ સફલ કરવા ત્ર્યબકેશ-પ્રસાદ,
યાત્રાળુઓ હર હર મહાદેવના નાદ બોલે,
  શ્રદ્ધા-ભકિત-દૃઢ-કિલકથી મોક્ષના દ્વાર ખોલે !

શ્રૃગે શ્રૃગે મધુર મળશે દર્શનો માધુરીના,
• ક્રીડા માટે વિહર જલમા પુણ્ય ગોદાવરીના,
પીતા મીઠુ દુરિત-હરતુ નીર તુ સ્વચ્છ થાજે,
  શભુ કેરા વિમલ મનથી ભાવતા ગીત ગાજે.

ધીરે ધીરે ઘન ! ગરજજે શૈલમા એક વાર,
 પામે જેથી વિપિન સઘળુ ચેતનાનો પ્રચાર,
ઢકાયેલા ધરણિ–પટને ભેદી ભેદી અનત
 શોભા કેરા મૃદુ ઉછળશે ઘોઘ ઘેરા તુરત

સ્વર્ગે રૂડુ અમર–કુલનુ નદનોદ્યાન જેવુ,
 આર્યાવર્તે પરમ મધુરૂ નાસિક–સ્થાન તેવુ,
અકાએલુ રઘુપતિ–પદે જે સદા ધન્ય ધન્ય,
 સાચુ સ્વર્ગાલય–ગમનનુ દિવ્ય–સોપાન અન્ય !

શૃગે વ્હાલા ! ક્ષણિક ઠરજે ઇન્દ્રનુ ચાપ ધારી,
 વિદ્યુત્ સગે પરમ દીસશે માધુરી રમ્ય તારી,
સ્નેહે બેઠા રમત કરતા ગોષ્ટિઓથી ઉમગ,
 સીતા સગે રઘુપતિ ગણી વન્દશે લોકસઘ

મીઠા મીઠા ખળખળ વહે નિર્ઝરો શૈલમાથી,
 ફૂટી જાણે પ્રણય–રસની ધાર હૈયા મહીથી;
રીઝાયેલા મૃગ નિરખશે કૂદતા વારવાર,
 બધુ માની તુજ જીવનથી આચરે મુગ્ધ–પ્યાર.

શૃંગે શૃંગે વિચરી વિચરી અર્પી પિયૂષ-વૃષ્ટિ,
  સૌન્દર્યશ્રી અણુ અણુ ભરી સૌમ્ય ! સોહાવ્ય સૃષ્ટિ,
બેસી અંતે ગિરિ-શિખરના ઉચ્ચ દેશે પયોદ !
  નિહાળી લે મૃદુ પમરતા આત્મ-ઔદાર્ય-મોદ

જોવા માટે વિવિધ-ઘટના યુક્ત આશ્ચર્ય-સૃષ્ટિ,
  મીઠી તારી ભરત-નૃપના દેશમા* નાખ દૃષ્ટિ,
શું હું બોલુ ? અરર ! ! ઉરના દાહને કેમ ખોલુ ?
  કેવી રીતે તુજ નિકટમા દેશના મર્મ ખોલુ ?

બંધુ ! તારૂ ઉર કકળશે દેશના જોઇ હાલ,
  સંતાઇ છે અણુ અણુ મહી આપદાઓ કરાલ,
ચાલે છે જ્યા જનપદ મહીં કાલની ક્રૂર ચાલ,
  વિશ્વાત્માએ વિધિ-નિયમની પાથરી ઇન્દ્રજાલ !

તે જે જોયો પ્રથમ સમયે તે જ આ આર્ય દેશ,
  એના એ છે ગિરિ, વન, નદી, સિંધુ, સંધ્યા-નિવેશ,

---

* ભારતમા

કિંતુ આત્મદ્યુતિ ઉડી ગઈ મૃત્યુનાં થાય નૃત્ય,
ક્રૂરોના યે દિલ દહકતા જોઈને ઘોર કૃત્ય

કયાં છે આજે અમરપુરને મોહનારી વિભૂતિ?
ઉડે ચારે તરફ ઉરની રાખ આકાશ સુધી;
કયાં છે આજે લલિતરચના સ્વર્ગસૌભાગ્ય કાંતિ?
ઘૂમે કાળી કુટિલ કડવી ક્રૂર-કંકાલ-ક્લાંતિ!

બંધુ! ત્યારે અમ રગરગે શૌર્યના ધોધ છૂટયા,
કંપાતા'તી ધરણિ પદથી, હુંકથી શૈલ તૂટયા.
છાપી દીધી સકલ જગમાં છાપ શ્રી-વીરતાની,
કિંતુ આજે પગ પર પડી બેડીઓ દાસતાની!

હોળી હૈયે હરદમ બળે કયાંથી ભાળે દીવાળી?
બાળે જ્યારે કુસુમ કુમળાં છોડને હાય! માળી
કયાંથી પાળે વ્રત નિયમને, ધર્મને કેમ રાખે?
ભૂખ્યાં દુખ્યાં ટળવળી મરે બાળ રોળાઈ રાખે!

સાચા સગી હિતમતિ ધરી કોઈ ના દેશનેતા,
આડી રીતે જન-રુધિરને ચૂસવા વેશ લેતા,
તારા જેવો ધન! જગતનો કોઇ ના અગ્રયાયી,
જેના બોલે જીવન ફૂળતા તે ગયા સ્વર્ગ ભાઇ!

ભૂલ્યો ભાઇ! તુજ સમીપમા વ્યર્થ છે ભાખવુ આ,
અ ગારા આ અમ અવનિના શીદને દાખવુ હા!
બ ધુ! તુ તો જગતહિતને સર્વદા આચરે છે,
ઝાલે કાલે અમ જીવનમા માધુરી પાથરે છે

બ ધુ! ત્યાથી હિમગિરિસુતાનાથને નમ્ર વ દી!
મારા કાજે અવિરત જવા છૂટજે સ્નેહબ દી,
જો કે તારૂ હૃદય વિલસે શૈલ્યની જોઇ કાતિ,
કિ તુ અ ગીકૃત પરહરી આર્યને ન્હોય શાતિ.

દુ ખી દેખી સરલદિલડા દુ ખથી હા! દ્રવે છે,
આત્મ ક્લાન્તિ-કરુણરસથી સ્વાર્થને ભૂલવે છે,
સાધે સાધુ વિમલ-વિધિથી વિશ્વનો મધ્ય પ થ,
તોયે તેનુ દિલ દ્રવી પડે આસુડા જોઇ સઘ

જાતા જાતા તુજ પથ મહીં કૈંક બાધા થવાની,
ઇચ્છા થાશે નગર નગરી શૈલને દેખવાની,
કિંતુ વ્હાલા! મુજ જીવનના તાર તૂટી રહ્યા છે,
ઉત્કંઠાના અમૃત-ભરિયા થાળ ફૂટી રહ્યા છે.

માટે જાજે ત્વરિત-મનથી યાચના એજ મારી,
અશ્રુધારે તરતી નિરખુ દીનતા ક્ષીન પ્યારી,
વામાઓએ ચતુર-રતિથો ત્યા નરા ખોળવ્યા છે
જેના વ્હાવે ક્ષણુ વસી અહા રામ 'રામા' થયા છે

તે તે દેશે ગહન વનને કુંજને વાટિકાને,
ધારા-વર્ષે રસ-મય કરી ચાલ અગ્રે જવાને,
સૌન્દર્યોના સદન સરખો દક્ષિણાવર્ત્ત દેશ,
જોઈ ભાઈ! જરૂર તુજને લાગશે સ્વર્ગ લેશ

ધીરે ધીરે ઘનશ્ગ! ગરજતો એજ પથે જવાનો,
પ્રીતિભીના નયન નચવી પેખશે અંગનાઓ;
કોઈ મુગ્ધા અધિક ચપલા છોડશે જો કટાક્ષ,
ધારારૂપે જરૂર તુટશે બંધુ! તારૂં ય વક્ષ

વારવાર ત્વરિત-ગતિથી ભાગજે તું પયોદ!
  સિદ્ધિ-પથે વિપદસમ છે અંગનાના વિનોદ,
તારૂં ધારાવપુ નિરખીને લોક સંતોષ લેશે,
  સન્માનાર્થે પ્રિયવચનને હેતથી મેઘ કે'શે

આછી આછી ચમક નભમાં ચંચલાની ચલાવી,
  વાયુ સંગે ઘન! ઘુઘવતો ઘૂમજે શ્રી-સુહાવી!
ક્ષેત્રો નીરે ભરપુર ભરી સૌમ્ય! ઈટારસીના,
  થાકી જાતાં સદન સમીપે બેસજે નાગરીના

બંધુ! તારા ગમન-શ્રમને દૂર આહીં કરીને,
  રોકાવાનું દિલ તુજ થશે રાત્રિ જોઈ ઠરીને,
પ્રાતઃકાળે પ્રિય! વિચરજે મિત્રના કાર્ય સારૂ,
  જોવા માટે ગિરિ—વન થકી ગુપ્ત બેતૂલ ચારુ

પૂર્વાર્ધ સમાપ્ત.

ઉત્તરાર્ધ.

શોભા શ્રીમન્ ! સુખમયી થઇ ત્યા હશે વર્ષવાથી,
પ્રાત કાળે ગમન કરજે આશ-ઉલ્લાસ સાથી,
નિદ્રામાહીં સહુ જન હશે સુદરી-અગ-સગ,
સભાળીને ઘન ! કરીશ મા ગર્જીને સૌખ્યભંગ

ધીમો ધીમો અનિલ વહુશે કેકિ-કેકાનુસારી,
યાત્રા ત્યારે સફલ સમજી ચાલજે સૌમ્ય ! તારી,
પાસે ઉચા ગિરિ શિખરનો રમ્ય દેખાવ દેખી,
લેજે મધ્યે મધુર વસિયુ ગ્રામ બેતૂલ લેખી

શ્રી-ઇચ્છાએ પરિજન તથા ત્યાગીને જન્મભૂમિ,
દેશે દેશે પરવશ રહ્યા લોકના વૃદ ઘૂમિ,
સપત્તિમા સુખ સમજીને મૂકીને દેશ, શિક્ષા,
ખાતા પિતા શયન કરતા વિત્તની છે સમીક્ષા !

શ્રીમતોના સદન નભના દ્વાર ડોલાવનારાં,
મધ્યે સ્વાભાવિક-ઝરણના છુટી છાજે ફુવારા,

ધીરે ધીરે અનિલ ગિરિનો વીંજતો ધીર ડોલે,
કુંજે કુંજે શુક, પિક, રૂડા સારિકા બોલ બોલે

ઘેરી આખું નગર સરિતા શુભ્ર નીરે વહે છે,
તીરે તીરે તરુવર ઉભા પુત્રભાવે નમે છે !
ખેલતી જ્યાં નગર-કુલની કન્યકાઓ ઉમંગે,
અંગે રંગે મદનરસના ડોલતી શી તરંગે

ચિત્તે, વિત્તે ચપલ, બલમાં મંદ, આનન્દ ધારી,
નાના દેશોદ્‌ભવ વણિજનાં સંઘ સત્તા વધારી,
ડાહ્યા સાદા જનમિલનમાં સર્વ વ્યાપાર રાખી,
જોજે રેના પરિજન સમા છાપ સર્વત્ર પાડી

પાસે તેની સતત વહતો માર્ગ છે ધૂમ્રયાની,+
ત્યાંથી જૂદી સરણિ પડશે ગ્રામમાંહિ જવાની,
થોડે દૂરે ગમન કરતાં પ્રેયસી–તાત–વાસ,×
તારી દૃષ્ટિ જલદ ! પડશે કુંજની આસપાસ

+ સ્ટેશનનો માર્ગ × પ્રિયાના પિતાનું ઘર

ઘેરાયુ છે લલિત લલિતશ્રી ધરી આમ્ર કુંજે,
  પ્યારી કેરૂં સદન, મધુરી કોકિલા નિત્ય ગુંજે,
પૂરી રાખ્યા યુગલ શુક છે પાંજરામાં રસીલા,
  પ્યારી મારી મન રીઝવતી એમની જોઇ લીલા

બંધુ ! ચિન્હો પરખી પરખી ઓળખી ધામ લેજે,
  જો કે એ તો વિશદ સહુથી શોભતું રમ્ય રહેજે,
ધીરે ધીરે જલદ ! ગરજી થોભજે ત્યાં અવશ્ય,
  જોવા માટે પ્રિયસખી અહા આવશે સૌમ્ય દૃશ્ય

તન્વી, શ્યામા, વિમલ વદના, કોમલાંગી, રસીલી,
  શાણી, મીઠી, રતિરસભરી, ભાવભીની, છબીલી,
આછી વ્હાલી, રસસરિત શી, સ્નેહઘેલી, નવેલી,
  વારે વારે મૃદુ લચકતી માધવી મંજુ વેલી !

દેખી તેને વિકસિત થશે દ્વાર ઉભો રસાલ,
  પ્યારી કેરી અનિલ લહરે ડોલશે દેહ-ડાળ,
જાણું છું કે મુજ રહિત એ ખિન્ન ખિન્નાંગ બાળા,
  વાગ્યા અંગે વિરહ-અરિના ઝેરીલા તીવ્ર ભાલા

વારે વારે નયન ઢળતા ચિંતવે એકતાન,
જ્વાલામાંહિ ઘન ! સળગતી ચક્રવાકી સમાન,
અશ્રુ ધારા ઉર પર સરી ભીંજવે અંગ અંગ,
મારા ધ્યાને સમરસ બની છોડતી શ્વાસ-ભંગ !

સ્વામી કેરા જનક-ગૃહમાં ત્યાં તિરસ્કાર ભાળી,
શ્રી દેવીએ નિજ શરીરને હોમમાં દીધ બાળી,
તેવી રીતે જલદ ! ભભુકી તાતની ક્રોધ-જ્વાળા,
જોશે તેમાં સખી સળગતી પાર્વતી તુલ્ય બાળા.

ઉત્કંઠાથી અધિર બનતા મુગ્ધ રૂંધાય છાતી,
આશા કેરા ભરત ભરતી, ગીતડાં ગુપ્ત ગાતી,
કિંવા દૃષ્ટિ ભગિનીપતિની+ ચૂકવીને ગવાક્ષે,
રોતી ઉભી નજર પડશે, દીનને કોણ રક્ષે ?

બંધુ ! જોઇ દુઃખ પર તણું અન્ય લોકો હસે છે,
દેખી ધૂલીમલિન ફૂલને અન્ય મીઠું હસે છે,

+ બનેવીની

ભેદાશે શુ નહિ જગતની ઘોર આ સ્વાર્થમાયા ?
  ચિત્રો જાતા તરવરી રહી કોકની રમ્ય છાયા.

જાણુ છુ હુ હૃદય સખિનુ સ્નેહભીનુ અતિશે,
  તેથી તેનુ પ્રથમ-વિરહે ફાટશે હૈયુ દીસે,
રોતા રોતા રજનિ વીતતી અ ગનાની હશે હા !
  જોઇ તારા પ્રલય-દિનને વેદના શી થશે ! હા !

મારા કંઠે વળગી વળગી છૂટવુ ના ગમતુ,
  હૈયુ તેનુ મુજ ચરણુમા સ્નેહભીનુ નમતું,
આજે બાલા દુર દુર રહી છોડતી શ્વાસ-ધારા,
  હા ! હા ! કૈવી વિષમ-ઘટના દૈવની આજ પ્યારા !

બ ધાઇછે જગ-ચરણુમા શ્રૃ ખલા રૂઢીઓની,
  ઉલેચેછે અનુભવહીણા વેળુ ખાબોચીયાની ।
એ શુ જાણે અમરરસના સિ ધુની માધુરીને ?
  ઉંડા ગર્તે પડી સડી મરે જેહ નિત્યે ઝુરીને

તોડી નાખી જગત પરની શ્રૃંખલા નીતિ કેરી,
દીવાલો આ ખળભળી પડે, જોઇ લે ભીતિ કેરી;
શાને ત્યારે લઘુ જીવનમા આમ રૂંધાઇ રે'વું ?
શાને માટે દિલ ન દિલના ચાહતાને ય દેવું ?

જો કે બાલા હજુ ન સમજે વિશ્વના ભાવી ભેદ,
કિંતુ તેનું ઉર નિત રટે સ્નેહના ગૂઢ વેદ
એ વેદોના હજુ નથી થયા ભાષ્ય, આખ્યાન રૂઢ,
એના ભેદો રસિક-દિલડા ખોલતા થાય મૂઢ !

પ્હોંચાડ્યા છે પ્રિય સખી કને સ્નેહના કાલિદાસે,
સંદેશાઓ રસ થકી ભર્યા, બ્રહ્મના ભર્ગ વ્યાસે,
–એકે મંત્રો પરખી પરખી પ્રસ્તરો રોવરાવ્યા,
×એકે એની મધુર મધુરી વર્ણવી શીળી છાયા

સૂકાયેલા મુજ જીવનના બાગમા એહ મોલી,
છાટી છાંટી નિજ મધુરતા માધવી મુગ્ધ ડોલી,

– ભવભૂતિએ × જયદેવ કવિએ

ચિંતા મારી સઘળી શમવી સાળુની સોડ્ય માહિ,
  ભૂલી પ્યારી મુજ ઉણપને સ્નેહના કોડ માહિ

કાચી કાચી મધુરસ ભરી આમ્રની મંજરીઓ,
  ચાખી ચાખી મધુર ટહૂકે કુંજમા કોકિલાઓ,
પામી આછા ઉર અનુભવ-સ્વાદને ચાતુરીથી,
  ગાજી તેવી જલ્દ ! રસિલી સ્નેહની ચાતકી શી

જો કે તેણું નથી ઉરમહી સંઘરી ગ્રંથશિક્ષા,
  લીધી કિંતુ ઉભય-ભવની પાવની સ્નેહ-દીક્ષા,
રંગાયું છે હૃદય—રસના રંગથી એક કાલે,
  નાચે ભીનું નયન ઉરના લોલ-કલ્લોલ-તાલે

ઘેરાયું હા ! ઘન-તિમિર આ આમ આદિ ઉષામા,
  દેવાશે તો પગ કયમ અરે ! ઘોર કાળી નિશામા'
રે રે ! શીળી કુસુમકળીમા વજ્રપાત-વ્યથાઓ,
  ઝાખી ઝાખી તરવરી રહે ભાગ્યની ભૂમિકાઓ

ધીરે ધીરે ઘન! ગરજીને બિંદુ ધારા વહાવી,
  મીઠી આંખે નિરખી સખીને સ્નેહમાં દે ડુબાવી;
જોતા તારા જલદ! પથને કંપશે વામ-ચક્ષુ,
  ઉત્કંઠાથી અધીર બનતા દેખશે સર્વ દિક્ષુ.

સંબોધીને પ્રિયવર! પછી સ્નેહ-સંદેશ દેજે,
  કે'વાનું તે મધુર વચને શાંત ચિત્તે કહેજે,
તારા દ્વારા મુજ કુશલનો સૌમ્ય સંદેશ પામી,
  અંગે અંગે છબિ છલકશે વેદના સર્વ વામી

+લેજે મીઠા મુજ કુશલનો સ્નેહ-સંદેશ આપી,
  પ્રીતિભીના કરકમલથી મિત્ર! ઓવારણાં તું,
કાલું ઘેલું નિરખી તુજને પ્રીતિથી કૈંક કહેશે,
  મીઠી મૂર્તિ પ્રણય-રસની અશ્રુધારે વહેશે

વારે વારે મુજ સ્મરણથી એકલી છાની રોતી,
  તાકી તાકી મુજ દિશ ભણી બાપડી વાટ જોતી!

+ સ્વીકારજે

જે ના પામ્યો રસ ધનિકના રાજના આંગણામાં,
તે તુ પીશે અતિથિ બનતા વ્હાલીના આંગણામાં.

હું છું તારા હૃદય-ધનનો મિત્ર અભેદ આવ્યો,
મીઠો તેનો કુશલ ભરીયો સ્નેહ-સંદેશ લાવ્યો.
સૂકાયેલા જીવન-ઝરણા હું સદા ઉછળાવું,
તુટયા સૂત્રો પ્રણયિ-ઉરના હું સદા મેળવાવું.

તારો સ્વામી કુશલ વિમલે! શ્રીલ અંધેરી વાસે,
પૂછી તારી ખબર મુજને મોકલ્યો તારી પાસે,
બાલે! તારા સ્મરણ-રસમાં આત્મને ઘોળી નાખે,
આશા-સૂત્રે મૃદુલ ઉરને સર્વદા સાધી રાખે

•

શ્વાસે શ્વાસે પ્રતિ પલ વહે અશ્રુની ઉષ્ણ-ધારા,
ઉત્કંઠાએ હૃદય ભરીને ભેટતો અંગ તારા,
દૂરે જો કે તુજ પ્રિય વસે દૈવની ક્રૂર-દૃષ્ટિ!
કિંતુ તે ત્વન્મય નિરખતો સ્નેહ-સંમુગ્ધ સૃષ્ટિ!

તારા સ્નેહે તન મન ભુલી જેહ ઘેલો થયેલો,
આલિંગન્તો ઉર ઉર મહી છેક ડૂબી ગયેલો,
આજે દૂરે અકથ દુઃખના ભારથી છે દબાયો,
મારા દ્વારા કંઇક ઉરનો હાલ છે કે'વરાવ્યો.

વ્હાલી! વ્હાલી! ઉર કકળતું, શું કહું? કેમ બોલું?
હૈયા આડે ગહન પડદા દુઃખના કેમ ખોલું?
હા! હા! આવી વિષમ ઘટના ના કદી ચિંતવેલી,
હૈવે નાખી અમ ઉપર છે ઝેરની છાટ છેલ્લી!

મંથાયું છે ઉર–સર પ્રિયે! છુટી છે છેક માઝા,
ઝેરી કારી સખિ! નીકળશે મૃત્યુના કુંભ તાજા,
ઘેરાયું છે મુજ નયનમાં ઘેન એ પાન કેરૂં,
કિંતુ વ્હાલી! ઉર ન તજતું આશા તો યે નમેરૂં

જીવું છું હું તુજ સ્મરણથી જેમ ધારી ઉમંગ,
તું યે માટે સહન કરજે ધૈર્ય ધારી પ્રસંગ,
એવો વ્હાલી! જન નહિ મળે, પાય લાગ્યા ન કાંટા,
જેના ભાગ્યે વિપદ–વિષના ના પડ્યા હોય છાંટા.

વાચી વ્હાલી ! ઉપનિષદને ધર્મના મર્મ ખોલ્યા,
પ્રાત કાળે મુજ જીવનના +બ્રહ્મના મોર બોલ્યા,
ઝ ઝાવાતે અનુભવ તણા માનના શૈલ ડોલ્યા,
દૈવે પ્યારી ! હજુ ન પડદા ભાવીના તો ય ખોલ્યા !

દૈવાયેલું હૃદય દુખથી વેદના એ ન જાણે,
તોયે આજે અવિચલ વહે પૂરમાહિ પરાણે,
આહા ! વાચ્યા તુજ ઉર તણા ઐકય-અદ્વૈતગ્રંથ,
પ્યારો ! તારો પ્રણય મુજને સ્વર્ગનો શુભ્ર પંથ !

તંત્રી હું, ને ઉર ઉમળકા ખેલતા તાર તારા,
ઈચ્છા મારી, પણ હૃદયનું-દાન તારા ફુવારા,
જેવી મારો સરલ કવિતા, ભાવ તેવા ય તારા,
તું ને હું એ પ્રણય-રથના ચક્રે સૌભાગ્ય આરા

નિદ્રા ક્યાં છે ? હૃદય બળતું, હૈયું નાખે નિસાસા !
ઉંડી વૃત્તિ, પ્રબલ-તમમાં, છેક ડૂબી ય આશા,

+ નાનપણમાં પડેલા વેદાંતના સંસ્કારો

સ્વર્ણ-સ્વપ્ને તુજ મિલનના ઈષ્ટ સંયોગ લૈને,
સ્વીકારૂં છું સખિ ! રસ ભર્યાં મિષ્ટ આમ ત્રણોને !

કોની પાસે જઈ ઉર તણી ઠાલવું વેદનાને ?
જાણે છે જે હૃદય રસીલી ! પાસ તે આજ તારે,
ઉભી વ્હાલી ! વિરહ-દુઃખની તું જઈ પેલી પારે,
ને હું ઉભો રડી રડી મરૂં એકલો આ કિનારે !

શુદ્ધ સ્નેહે ઉર મળી જતાં પ્રશ્ન મેં એક કીધો,
ને તેં જેવો પ્રણય-ભરિયો આત્મનો કોલ દીધો,
સંભારૂં છું નિશદિન સખિ ! પ્રેમના બોલ તારા,
"વ્હાલા મારા સહુ જન થકી આપ છો એક પ્યારા !"

વ્હાલી ! મીઠા અધર-દલને ચુંબતાં તેં નિવાર્યો,
રીસાઈ હું શયન ઢળીયો, રાત્રિએ રોષ ધાર્યો,
કીધા તેં જે દિલ રીઝવવા સ્નેહના છેલ ચાળા,
સંભારીને મુજ ઉર ભરે ભવ્યતાના ઉછાળા !

પૂરી સ્નેહામૃત હૃદયનું વ્હાલથી દીવડાઓ,
ચેતાવ્યા જે મધુર ઉરની પાદડી પાદડીએ,
જ્યોતિ એની જટિલ જગના ધ્વાતને દૂર ભેદી,
ઉજાળે છે અમર–પથને મૃત્યુના ફાલ ફેદી.

મુંજાઉં છું વિરહ–અનલે સુંદરી! હું બળું છું,
જ્યાં જ્યાં મારી નજર પડતી ત્યાં નિહાળું તને છું,
આત્મામાંહિં સખિ! ન વધતા શું વ્યથાના ધખારા?
ડૂબાવેછે પ્રતિ પલ મને ચિન્તના–તીવ્ર–ધારા!

જો કે નેત્રો તુજ છબી જુએ, આહ! હૈયું ભરે છે,
અશ્રુધારા પુલકિત ઉરે વેગવન્તી ઝરે છે,
દે ના જોવા તમ, નયનને ઢાંકીલે વાર વાર,
દૈવેચ્છાએ હજી ન ઉઘડે આપણાં ઐક્ય–દ્વાર

જાણું છું કે પ્રણય–મણિની આ જ સાચી કસોટી,
લાગે જ્યારે વિરહ–ઘનના ઘાત, જાયે ન તૂટી,
રોકાયે ના કમલદલના તંતુથી મસ્ત હસ્તિ,
સાચા સ્નેહી ઉર શમવવા વિશ્વમાં કોની શક્તિ?

ચક્ષુ ડૂબ્યા તુજ છબી મહીં, કર્ણ તારા ગુણોમા,
ચિત્તપ્રીતિ સ્મરણ-રસમા આત્મ એકાત્મતામા !
વ્હાલી ! આજે દિવસ રજની ભેદ ના કૈ કળાય,
છુ કે ના છુ, સમજ ન પડે શૂન્ય સર્વે ભળાય !

(શિખરિણી)

હલાવી નાખ્યુ છે મુજ હૃદય તે પત્ર લખીને,
થયો છુ હુ ભ્રાન્ત, સ્થિતિ તુજ તણી આ નિરખીને.
કરૂ શુ હુ વ્હાલી ! નથી હૃદયમા ધૈર્ય જરિએ,
પ્રભુ સાક્ષી મારો, યદિ હૃદય હો રોષ જરિએ !

(મન્દાક્રાન્તા)

વ્હાલી ! આવુ કદિ ન લખવુ યોગ્ય લાગે તથાપિ
શાને માટે મુજ હૃદયને તુ ગણે છેક પાપી ?
ચાહુ છુ હુ તુજ હૃદયના સ્નેહની માત્ર ભીક્ષા,
તું ચાહે તો મુજ હૃદયની લે કસોટી પરીક્ષા !

શાથી વ્હાલી ! તુજ હૃદયમા સ્નેહનો વ્હેમ આવ્યો ?
ક્યાથી આવો વિષમ ઉરના કુંજમા વાયુ વાયો ?

છૂટા છૂટા તદપિ ઉતરે હોડકા એક ઘાટે
વેચાયેલુ મુજ જીગર છે એકલા સ્નેહ માટે !

(શિખરિણી)

મુખે ના હુ બોલુ, તદપિ ઉર આશ્લેષ કરતુ,
સખિ ! હૈયુ તારા, હિત-કરણમા ચિ તિત થતુ,
સુધાધારા ઝીલી કુમુદકલિકા જેમ લસતી
મનોવૃત્તિ મારી, તુજ પ્રણયમા તેમ તરતી

(પૃથ્વી)

દીધુ હૃદય તે મને શરમ કેમ ત્યારે ઘટે ?
ઉરે ઉર મળ્યા વિના, વિરહ-વેદના ના મટે,
ક્ષણે ક્ષણ પ્રતારણા, ક્ષણિક રોષ શ કા સ્મૃતિ,
પ્રિયે ! ભુલભુલામણી પ્રણય-કુ જમા આ બધી

(મ દાક્રાતા)

જેવી રીતે તુજ હૃદયમા કોતરી મૂર્તિ મારી
તેવી રીતે મુજ ઉર-સરે નાચતી જ્યોતિ તારી !
સિ ચાયા છે પ્રણય-રસથી આપણા મુગ્ધ ચિત્ત,
મીઠા મીઠાં સુફળ ફળશે પામી કર્તવ્ય નિત્ય

સ્નેહી કેરા કવન કરતી કોકિલા જો વસતે,
પુષ્પે પુષ્પે વિટપ વિટપે સ્નેહ સંગીત ગુંજે,
કયાથી, કયારે, કયમ થકી બધી થાય આ ગૂઢ લીલા !
શાને શાથી પરિમલ ભર્યાં ફૂલડા આ છબીલા ?

(શિખરિણી)

હસી જે એકાન્તે, અનુભવ કર્યો એક ઉરથી,
અહા ! એ ભૂલાયે, કયમ કરી સખિ ! તુજ વદને !
પ્રિયે ! વ્હેમી શંકા, તુજ હૃદયને કેમ ચળવે ?
કૃતઘ્ની આત્માને પ્રભુ પણ કદી સ્પર્શ ન કરે !

વિશુદ્ધ સ્વાત્માના, ઝરણુ છલકાવી અમી-ભર્યાં,
સદા મારા સંગે, કર ગ્રહી કરે મસ્ત તરજે,
અનિચ્છા, ઇચ્છાથી, વિધિ નિયમથી, કે કુમતિથી
થયા જે જે દોષો, મુજ થકી, સખિ ! માફ કરજે !

પ્રિયે ! લાચારી કે, હુકુમ ન છાજે પ્રણયમા,
થતા તારી ઈચ્છા મુજ હૃદય તંત્રી ઝણુઝણે,
જવા મુક્તિ દ્વારે, યદિ પ્રણયી બંને ઉર થયા,
વૃથા નીતિ કેરા સકલ ચઢવા એ પગથીઆ

(મંદાક્રાન્તા)

વ્હાલી! પાછા જરૂર મળશુ, સ્નેહની લ્હાણુ લેશુ
મીઠી ગોષ્ઠી અમી વરસતી સાથમા આદરીશુ
પામો સર્વે સુકૃત જગમા, રાખવી શુદ્ધ ઇચ્છા,
ઇચ્છા પ્યારી! ત્રિભુવન તણા નાથની એજ ઇચ્છા'

* * *

વ્હોચાડી દે ઘન! કુશળનો આ જ સંદેશ મારો,
વિદ્યુત્ સંગે સુખથી વિહરી, લે પછી પંથ તારો,
થાઓ વિશ્વે સુખ, સફલતા તાહરા પુણ્ય હસ્તે,
સ્વીકારી લે પ્રણય ભરિયા, મેઘ! મારા નમસ્તે



મુદ્રક —

પ્રભાશંકર જયશંકર પાઠક

પુરંદરે પાઠક પ્રાંટીંગ પ્રેસ

ઠાકોરદ્વાર રોડ મુંબઈ—

પ્રકાશક —

સાહિત્યતીર્થ શાસ્ત્રી

કવિ પોપટલાલ શર્મા

સંસ્કૃત સાહિત્યાધ્યાપક ગુરુકુળ અ વરી